# એકસાથે બે IAS ગૌરવ દહિયા-કે. રાજેશને 'પાણીચું'

**સરકારે** બંનેને ફરજિયાત નિવૃત્ત કરી દીધા, કે. રાજેશ લાંબા સમયથી સસ્પેન્ડ

**સુરેન્દ્રનગરમાં** જમીન-ગન લાઇસન્સ કેસમાં સીબીઆઇ કાર્યવાહીનો સામનો કરી ચૂક્યા છે

ગાંધીનગરઃ ગુજરાતના વહીવટી તંત્રમાં રાજ્ય સરકારે એક જ દિવસે બે આઈએએસ અધિકારીઓ સામે મોટી કાર્યવાહી કરતાં આઈએએસ અધિકારી ગૌરવ દહિયા અને કે. રાજેશને ફરજિયાત નિવૃત્તિ આપવામાં આવી છે. 1 ઓક્ટોબર, 2026ના રોજ લેવાયેલા આ નિર્ણયથી વહીવટી વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. બંને અધિકારીઓ સામેની પૃષ્ઠભૂમિ અલગ છે, પરંતુ એક જ દિવસે બે આઈએએસ અધિકારીઓને સેવામાંથી ફરજિયાત નિવૃત્તિ આપવાનો નિર્ણય નોંધપાત્ર માનવામાં આવી રહ્યો છે.

ગૌરવ દહિયા નિર્ણય સમયે એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર તરીકે ફરજ બજાવી રહ્યા હતા. અગાઉ તેઓ નેશનલ હેલ્થ મિશન (NHM)માં પણ મહત્વની જવાબદારી સંભાળી ચૂક્યા છે. નેશનલ હેલ્થ મિશનમાં તેમની કામગીરી દરમિયાન વિવિધ ફરિયાદો અને વિવાદો સામે આવ્યા હોવાનું જણાવાયું છે. સરકારના તાજેતરના નિર્ણય બાદ દહિયાની અગાઉની કામગીરી અને તેમની સામે થયેલી ફરિયાદોને લઈને વહીવટી વર્તુળોમાં ફરી ચર્ચા શરૂ થઈ છે. જોકે, ગૌરવ દહિયાને ફરજિયાત નિવૃત્તિ આપવાના ચોક્કસ કારણો અને સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલી સેવા નિયમોની જોગવાઈઓ સત્તાવાર હુકમની સંપૂર્ણ વિગતો પરથી જ સ્પષ્ટ થશે. હાલ ઉપલબ્ધ માહિતીના આધારે તેમની સામે અગાઉથી ચાલી રહેલી ફરિયાદો અને સંબંધિત બાબતોને ધ્યાનમાં રાખીને કાર્યવાહી થઈ હોવાનું સામે આવ્યું છે.

## કે. રાજેશ લાંબા સમયથી સસ્પેન્ડ

બીજી તરફ આઈએએસ અધિકારી કે. રાજેશ સામેની કાર્યવાહીનો લાંબો વહીવટી અને તપાસનો ઇતિહાસ રહ્યો છે. તેઓ લાંબા સમયથી સસ્પેન્શન હેઠળ હતા. જમીન અને ગન લાઇસન્સ સંબંધિત પ્રકરણમાં તેમની સામે સીબીઆઇ દ્વારા કેસ નોંધવામાં આવ્યો હતો અને વર્ષ 2022માં તેમની ધરપકડ પણ થઈ હતી. ત્યારબાદ તેઓ લાંબા સમય સુધી સસ્પેન્ડ રહ્યા હતા. હવે રાજ્ય સરકારે કે. રાજેશને પણ ફરજિયાત નિવૃત્તિ આપવાનો નિર્ણય લીધો છે. લાંબા સમયથી સસ્પેન્શન હેઠળ રહેલા અધિકારી સામે લેવાયેલો આ નિર્ણય તેમની સામે ચાલી રહેલી સેવા સંબંધિત કાર્યવાહી માટે મહત્વપૂર્ણ તબક્કો માનવામાં આવી રહ્યો છે. કે. રાજેશ ડાયરેક્ટ-રિક્રૂટ આઈએએસ અધિકારી હોવાથી તેમની સામે લેવાયેલી ફરજિયાત નિવૃત્તિની કાર્યવાહી પણ આઈએએસ કેડરમાં ખાસ ધ્યાન ખેંચી રહી છે. તેમની સામે સીબીઆઈ તપાસ, ધરપકડ અને ત્યારબાદ લાંબા સમય સુધી સસ્પેન્શન જેવી કાર્યવાહી અગાઉથી ચાલી રહી હતી. હવે સરકારના તાજેતરના નિર્ણયથી આ સમગ્ર પ્રકરણ ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે.

## વહીવટી તંત્રમાં જવાબદારીનો મુદ્દો ફરી ચર્ચામાં

બે આઈએએસ અધિકારીઓ સામે એકસાથે થયેલી કાર્યવાહીથી વહીવટી તંત્રમાં અધિકારીઓની જવાબદારી, સર્વિસ કન્ડક્ટ અને શિસ્તભંગના મામલે સરકારના વલણ અંગે ચર્ચા તેજ બની છે. લાંબા સમયથી સસ્પેન્શન હેઠળ રહેલા અધિકારી સામે અંતિમ સેવા સંબંધિત કાર્યવાહી થતાં જૂના પ્રકરણને પણ નવો વળાંક મળ્યો છે. બીજી તરફ ફરજિયાત નિવૃત્ત કરાયેલા ગૌરવ દહિયા તે સમયે એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર જેવી મહત્વની જવાબદારી પર હતા. તેથી તેમના કિસ્સામાં પણ સરકારના નિર્ણયના કારણો અને સત્તાવાર હુકમમાં દર્શાવવામાં આવેલી વિગતો તરફ વહીવટી વર્તુળોની નજર છે.

## બે અધિકારીઓના કેસ અલગ, કાર્યવાહી એક જ દિવસે

ગૌરવ દહિયા અને કે. રાજેશ સામેની પૃષ્ઠભૂમિ એકસરખી નથી. ગૌરવ દહિયાના કિસ્સામાં અગાઉની કામગીરી દરમિયાન થયેલી ફરિયાદો અને વિવાદોની બાબતો ચર્ચામાં રહી છે, જ્યારે કે. રાજેશ સામે જમીન તથા ગન લાઇસન્સના પ્રકરણમાં સીબીઆઈની તપાસ અને ફોજદારી કાર્યવાહી થઈ ચૂકી છે. આમ છતાં રાજ્ય સરકારે બંને અધિકારીઓ સામે એક જ દિવસે ફરજિયાત નિવૃત્તિનો નિર્ણય લેતાં વહીવટી તંત્રમાં તેની વ્યાપક ચર્ચા શરૂ થઈ છે. ખાસ કરીને એક અધિકારી નિર્ણયના સમયે મહત્વની વહીવટી જવાબદારી સંભાળી રહ્યા હતા, જ્યારે બીજા અધિકારી લાંબા સમયથી સસ્પેન્શન હેઠળ હતા. સરકારી સેવામાં અધિકારીઓની કામગીરી, સર્વિસ રેકોર્ડ, અગાઉની ફરિયાદો, તપાસ અને શિસ્તભંગ સંબંધિત કાર્યવાહી જેવા વિવિધ પાસાંને ધ્યાનમાં રાખીને ફરજિયાત નિવૃત્તિ જેવી કાર્યવાહી કરવામાં આવે છે. બંને અધિકારીઓના કેસમાં સરકારના સત્તાવાર હુકમમાં કયા કારણો અને કઈ સેવા નિયમોની જોગવાઈઓનો આધાર લેવામાં આવ્યો છે તે હુકમની સંપૂર્ણ વિગતો જાહેર થયા બાદ સ્પષ્ટ થશે.

## થરાદના સબ-રજિસ્ટ્રાર સામે પણ કાર્યવાહી

આ જ સમયગાળામાં બનાસકાંઠાના થરાદના સબ-રજિસ્ટ્રાર આર.સી. રબારીને પણ ફરજિયાત નિવૃત્તિ આપવામાં આવી હોવાનું સામે આવ્યું છે. જમીન સંપાદનના વળતર સંબંધિત ગેરરીતિ અને ગેરકાયદે દસ્તાવેજોના મામલે તેમની સામે કાર્યવાહી થઈ હોવાનું જણાવાય છે. આમ, એક જ દિવસે બે આઈએએસ અધિકારીઓ ઉપરાંત અન્ય અધિકારી સામે પણ ફરજિયાત નિવૃત્તિની કાર્યવાહી સામે આવતા સરકારી તંત્રમાં સરકારના કડક વલણની ચર્ચા શરૂ થઈ છે. ખાસ કરીને જમીન સંબંધિત ગેરરીતિના મામલાઓમાં સરકારી અધિકારીઓ સામે લેવાતી કાર્યવાહી તરફ પણ આ નિર્ણયે ધ્યાન દોર્યું છે.

## ઢમ ઢમ ઢોલ બાજે, નવરાત્રિ પહેલાં ઢોલ-ત્રાસા તૈયાર કરતાં કારીગરો



■ નવરાત્રિના પર્વને લઈ તાડામાર તૈયારી ચાલી રહી છે ત્યારે શેરી-ગરબા તેમજ અનેક વિસ્તારોમાં ઢોલ-ત્રાસા સાથે માં અંબાના ગરબાની ધૂમ જામે છે. હાલ ઢાલગરવાડમાં કારીગરો ઢોલને તૈયાર કરી સજ્જ કરી રહ્યા છે.
**(તસવીર : જનક પટેલ, અમદાવાદ)**

# 174 મુસાફરના જીવ બચાવનાર ગુજરાતી પાયલોટ સ્મિત મચ્છરને 'ગુજરાત ગરિમા એવોર્ડ'

**જીવલેણ** હુમલા વચ્ચે અદમ્ય સાહસ દાખવનાર કેપ્ટનને રૂ.25 લાખનો રોકડ પુરસ્કાર પણ અપાશે; સીએમ ભૂપેન્દ્ર પટેલની જાહેરાત

ગાંધીનગરઃ દુબઈથી ઈઝરાયલ જઈ રહેલી ફ્લાયદુબાઈની ફ્લાઈટમાં કોકપિટમાં થયેલા જીવલેણ હુમલા વચ્ચે અદમ્ય સાહસ દાખવી 174 મુસાફરોના જીવ બચાવનાર ગુજરાતી મૂળના પાયલોટ કેપ્ટન સ્મિત મચ્છરને ગુજરાત સરકાર 'વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડ'થી સન્માનિત કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પોસ્ટ મારફતે આ જાહેરાત કરી છે. રાજ્ય સરકાર દ્વારા એવોર્ડ સાથે કેપ્ટન સ્મિત મચ્છરને રૂ.25 લાખનું રોકડ પુરસ્કાર પણ આપવામાં આવશે. દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબાઈની ફ્લાઈટ FZ1073માં ઉડાન દરમિયાન કોકપિટમાં ગંભીર ઘટના બની હતી. આપેલી માહિતી મુજબ, સહ-પાયલોટે કોકપિટમાં કેપ્ટન સ્મિત મચ્છર પર છરીથી હુમલો કર્યો હતો અને વિમાનને ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત અને લોહીલુહાણ થયા હોવા છતાં કેપ્ટન સ્મિતે હિંમત ગુમાવી નહોતી.

## 'ગુજરાતને પોતાના બહાદુર પુત્ર પર ગર્વ'

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પર કેપ્ટન સ્મિતના સાહસને બિરદાવતાં જણાવ્યું છે કે ઈઝરાયલ જઈ રહેલી ફ્લાઈટના પાયલોટના સાહસને આજે દુનિયા સલામ કરી રહી છે. હુમલામાં લોહીલુહાણ થયા હોવા છતાં તેમણે હિંમત ન હારી અને મુશ્કેલ પરિસ્થિતિમાં મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ સોશિયલ મીડિયા પર કેપ્ટન સ્મિત મચ્છરને 'વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડ'થી સન્માનિત કરવાની જાહેરાતને બિરદાવતાં જણાવ્યું છે કે ગંભીર હુમલામાં ઈજાગ્રસ્ત થયા છતાં તેમણે અસાધારણ હિંમત દર્શાવી 174 લોકોના જીવ બચાવ્યા છે અને ગુજરાતને તેના બહાદુર પુત્ર પર ગર્વ છે. કેપ્ટન સ્મિત મચ્છરની આ બહાદુરીને પગલે ગુજરાત સરકાર દ્વારા તેમને આપવામાં આવનાર 'વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડ' રાજ્યના વિશેષ સન્માનોમાં ઉમેરાશે. એવોર્ડ સાથે રૂ.25 લાખનું રોકડ પુરસ્કાર પણ તેમની અસાધારણ હિંમતની કદરરૂપે આપવામાં આવશે.

## લોહીલુહાણ હાલતમાં પણ હુમલાખોરનો સામનો

ગંભીર ઈજા છતાં કેપ્ટન સ્મિતે હુમલાખોરનો સામનો કર્યો હતો. ત્યારબાદ તેમણે કોકપિટનો દરવાજો ખોલી દીધો હતો, જેથી ફ્લાઈટના અન્ય ક્રૂ મેમ્બર્સ અને મુસાફરો અંદર આવી હુમલાખોરને કાબૂમાં લઈ શકે. કેપ્ટનની આ સમયસૂચકતા અને હિંમતના કારણે મોટી વિમાન દુર્ઘટના ટળી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. ઘટના બાદ ફ્લાઈટને સાઉદી અરેબિયાના તબૂક એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી અને ત્યાં તેનું સુરક્ષિત ઇમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. હાલમાં કેપ્ટન સ્મિત મચ્છર સાઉદી અરેબિયામાં સારવાર હેઠળ હોવાનું અને તેમની સ્થિતિ સ્થિર હોવાનું જણાવાયું છે.

# મતદાર યાદીમાં નામ ઉમેરવા હવેથી ચાર રવિવારે ખાસ કેમ્પનું આયોજન

**18-19** વર્ષના નવા મતદારો અને બાકી રહી ગયેલા પાત્ર નાગરિકો માટે તક

**11** ઓક્ટોબરથી 1 નવેમ્બર સુધી રાજ્યનાં મતદાન મથકો પર સવારે 10થી સાંજે 5 સુધી કામગીરી

ગાંધીનગરઃ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની કામગીરી પૂર્ણ થયા બાદ ગુજરાતમાં મતદારયાદીને વધુ અદ્યતન અને સર્વસમાવેશી બનાવવા માટે બાકી રહી ગયેલા પાત્ર નાગરિકો અને 18-19 વર્ષના નવા મતદારોની નોંધણી માટે રાજ્યવ્યાપી ખાસ ઝુંબેશ યોજાશે.

સતત સુધારણા પ્રક્રિયા હેઠળ ઓક્ટોબર અને નવેમ્બર દરમિયાન ચાર રવિવારે રાજ્યના તમામ મતદાન મથકો પર વિશેષ કેમ્પ યોજાશે. કેન્દ્રિય ચૂંટણી પંચની સૂચના અનુસાર યોજાનારી આ ઝુંબેશના ભાગરૂપે 11 ઓક્ટોબર, 18 ઓક્ટોબર, 25 ઓક્ટોબર અને 1 નવેમ્બર, 2026ના રોજ વિશેષ કેમ્પ રાખવામાં આવશે. આ ચારેય દિવસ સવારે 10થી સાંજે 5 વાગ્યા સુધી ડેઝિગ્નેટેડ ઓફિસર અને બૂથ લેવલ ઓફિસર (BLO) મતદાન મથકો પર ઉપસ્થિત રહી મતદારયાદીમાં નામ નોંધણી માટેની અરજીઓ સ્વીકારશે. બાદમાં તપાસ કરીને રહી ગયેલા તમામના નામો મતદારયાદીમાં સમાવવામાં આવશે.

## માત્ર ફોર્મ-6થી નામ નોંધાવી શકાશે

હાલનો સમયગાળો Non-SIR હોવાથી પાત્ર નાગરિકોએ મતદારયાદીમાં પોતાનું નામ સામેલ કરાવવા માટે માત્ર ફોર્મ-6 ભરવાનું રહેશે. ખાસ કરીને 18 વર્ષ પૂર્ણ કરી ચૂકેલા પ્રથમ વખતના યુવા મતદારો માટે આ ઝુંબેશ મહત્વપૂર્ણ બની રહેશે. આ ઉપરાંત અગાઉ કોઈ કારણસર મતદારયાદીમાં નામ નોંધાવવાનું બાકી રહી ગયું હોય તેવા પાત્ર નાગરિકો પણ આ કેમ્પનો લાભ લઈ શકશે. રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી સંદીપ સાંગળેએ રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને કલેક્ટરોને આ અંગે વિસ્તૃત માર્ગદર્શિકા સાથે આયોજન કરવા સૂચનાઓ આપી છે.

## કેમ્પની કામગીરીનું નિરીક્ષણ

ચારેય વિશેષ ઝુંબેશના દિવસોમાં કામગીરી સુચારુ રીતે થાય તે માટે સુપરવાઇઝરો દ્વારા મતદાન મથકોની મુલાકાત લેવામાં આવશે. જિલ્લા ચૂંટણી અધિકારીઓ ઉપરાંત મતદાર નોંધણી અધિકારી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારી દ્વારા પણ જરૂરી રેન્ડમ ક્ષેત્રિય નિરીક્ષણ કરવામાં આવશે. ચૂંટણી તંત્રનો હેતુ મતદારયાદીમાં કોઈ પાત્ર નાગરિકનું નામ નોંધાયા વિના ન રહી જાય તે સુનિશ્ચિત કરવાનો છે. ખાસ કરીને પ્રથમ વખત મતદાર બનવા જઈ રહેલા યુવાનો અને અત્યાર સુધી નોંધણીથી બાકી રહી ગયેલા પાત્ર નાગરિકોને આ ચાર વિશેષ કેમ્પનો લાભ લેવા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# આયુર્વેદ-હોમિયોપેથીઃ પ્રથમ રાઉન્ડ બાદ સ્ટેટની 2,742 અને SFI-AIQની 484 બેઠક ખાલી

અમદાવાદઃ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે આયુર્વેદ અને હોમિયોપેથીના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેના પ્રથમ રાઉન્ડના રિપોર્ટિંગ બાદ સ્ટેટ ક્વોટાની 2,742 અને 15% SFI-AIQની 484 બેઠકો વેકેન્ટ રહી છે.

આ પૈકી સ્ટેટ ક્વોટાના આયુર્વેદ અભ્યાસક્રમમાં 147 નોન-એલોટેડ અને 681 નોન-રિપોર્ટેડ મળી કુલ 828 બેઠકો ખાલી છે. જ્યારે સ્ટેટ ક્વોટાના હોમિયોપેથીમાં 972 નોન-એલોટેડ અને 942 નોન-રિપોર્ટેડ મળી કુલ 1,914 બેઠકો વેકેન્ટ રહી છે. આમ, સ્ટેટ ક્વોટામાં કુલ 1,119 નોન-એલોટેડ અને 1,623 નોન-રિપોર્ટેડ બેઠકોનો સમાવેશ થાય છે. બીજી તરફ, 15 ટકા SFI-AIQ ક્વોટામાં પણ 484 બેઠકો ખાલી રહી છે. તેમાં BAMSની 88 નોન-રિપોર્ટેડ બેઠકો અને BHMSની 337 નોન-એલોટેડ તથા 59 નોન-રિપોર્ટેડ, મળી કુલ 396 બેઠકો વેકેન્ટ છે.

# અમદાવાદના નવનિર્મિત મકરબા બ્રિજ પરથી યુવકની મોતની છલાંગ

અમદાવાદઃ અમદાવાદ શહેરના મકરબા વિસ્તારમાં નવનિર્મિત બ્રિજ પરથી એક યુવકે કૂદકો મારતા તેનું મૃત્યું નીપજ્યું હતુ.

ઘટનાની જાણ થતાં લોકોના ટોળા એકઠા થયા હતા. આ અંગે માહિતી પ્રમાણે અમદાવાદ શહેરના મકરબા વિસ્તારમાં નવનિર્મિત બ્રિજ પરથી એક યુવકને પડતુ મુક્યું હતું. બ્રિજ પરથી કુદકો મારી મોતને વ્હાલુ કરનાર યુવકનું નામ પાર્થ સુયંદર હોવાનું જાણવા મળ્યું છે. આ યુવક કયા કારણોસર આ પગલું ભર્યું તે અંગે હાલ કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી. બનાવની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. યુવકે કયા સંજોગોમાં આ પગલું ભર્યું તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### મોટી ઉધરસ - ઉંટાટિયું

આ પ્રયોગમા તંબાકુના દાંડા વપરાય છે, તેથી અમે ઉલ્લેખ કરતાંય અચકાતા હતા. બાળપણમાં અમે આ દવાનો સફળ ઉપયોગ જોયો છે. એમાં રાજુલાના કલ્યાણ મંડળની વાત વાંચતા, આનો ઉલ્લેખ કરવાનુ નક્કી કર્યું. કાળી તંબાકુના પાનના દાંડા કાપી, સરાવ સંપુટમા એની મસી બનાવાય છે. એક નાગરવેલના પાનને બે લીલી એલચી સાથે વાટી, કાઢેલો રસ ચમચીમાં લઇ તેમા એક ચણાપૂર મસી ભેળવી, સહજ ગરમ કરી ચટાડી દેવું. દિવસમાં ત્રણ વાર આપવું. આયુર્વેદ અનેક વિષ દ્રવ્યોનો સફળતાપૂર્વક ઉપયોગ કરે છે. આના પર સંશોધન ન કરી શકાય?

## સુડોકુ ૬૪૩૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૨ | | | ૯ | ૪ | | |
| ૫ | | | | | ૨ | | ૩ | ૯ |
| | ૯ | ૮ | | ૪ | | ૬ | | ૨ |
| | ૫ | ૭ | | | | ૧ | | |
| | | | | | ૬ | ૯ | | |
| ૩ | ૨ | ૬ | ૯ | ૧ | | ૮ | ૫ | ૭ |
| ૮ | ૭ | | | ૨ | ૧ | ૫ | | |
| ૪ | ૧ | | | ૩ | ૭ | | | ૮ |
| ૨ | ૬ | ૫ | | ૯ | ૮ | ૩ | | ૧ |

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## શબ્દગુંફન - ૭૨૫૯

અરવિંદ એસ. મારૂ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | | ૫ | |
| | | ૬ | | | | ૭ | | | |
| | ૮ | | | ૯ | | | | ૧૦ | ૧૧ |
| ૧૨ | | | ૧૩ | | | ૧૪ | | | |
| | ૧૫ | ૧૬ | | | ૧૭ | | | ૧૮ | |
| ૧૯ | | | | ૨૦ | | | ૨૧ | | |
| ૨૨ | ૨૩ | | ૨૪ | | | ૨૫ | | ૨૬ | ૨૭ |
| | | | | | ૨૮ | | ૨૯ | | |
| ૩૦ | | ૩૧ | | ૩૨ | | | ૩૩ | | |
| | ૩૪ | | | | | ૨૫ | | | |

**આડી ચાવી**
૧. શિવ-પાર્વતીના મોટા પુત્ર (૩)
૩. છેવટનું (૩)
૫. એક અતિ વિશાળ વૃક્ષ (૨)
૬. કૂદકો, તાલાવેલી (૩)
૭. માલિશ કરવું તે (૩)
૮. વાચા, વાણી (૨)
૯. એક ફળ (૩)
૧૦. રંગ, વર્ણ (૨)
૧૨. જીવ, પ્રાણ (૨)
૧૩. આગલા દિવસનું (૨)
૧૪. ઠુંડુ, ટાઢું (૩)
૧૫. ખેલ (૩)
૧૭. નિર્ણય, ઉકેલ (૨)
૧૮. દિવસ, દહાડો (૨)
૨૦. ઉત્તમ (૨)
૨૧. હોડી, વહાણ (૨)
૨૨. સહાયક (૫)
૨૬. સરોવર (૨)
૨૮. ઇજન, નોતરું (૩)
૩૦. પ્રશ્ન (૩)
૩૨. શુદ્ધિ, હોંશ (૨)
૩૩. વાયુ, હવા (૩)
૩૪. નવલું (૪)
૩૫. એક જાતનું કાપડ (૨)

**ઊભી ચાવી**
૧. વીતી ચૂકેલું (૨)
૨. સો નો સમૂહ (૩)
૩. પટાવાળો (૪)
૪. મરણ પામે એવું (૫)
૫. ઘોડી (૩)
૮. કપિ, વાંદરું (૩)
૧૧. આંખ, લોચન (૩)
૧૩. પવન (૨)
૧૬. સહાય (૩)
૧૭. પ્રત્યેક (૨)
૧૮. દિન (૩)
૧૯. આકાશ (૨)
૨૦. તાબે, આધીન (૨)
૨૩. ચોકીદાર (૪)
૨૪. પાણી, જળ (૨)
૨૫. રમતમાં આવતો વારો (૨)
૨૭. વિદાયગીરી (૪)
૨૮. આપવું તે (૨)
૨૯. સૂર્ય (૩)
૩૧. શ્રીરામનો પુત્ર (૨)
૩૨. વજન (૨)

# બરડા અભયારણ્યના માલધારીઓને સ્વૈચ્છિક સ્થળાંતર માટે રૂ.15 લાખ

**વન્યજીવ**-માનવ ઘર્ષણ ઘટાડવા સરકારનો મોટો નિર્ણય, સ્થળાંતર કરનાર પરિવારને 100 ચોરસ વારનો પ્લોટ વિનામૂલ્યે

ગાંધીનગરઃ બરડા અભયારણ્યમાં વસતા માલધારી પરિવારોને સ્વૈચ્છિક રીતે અભયારણ્યની બહાર વસાવવા માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ યોજના જાહેર કરી છે.

77મા વન મહોત્સવ પ્રસંગે પોરબંદરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલી જાહેરાત મુજબ નેશનલ ટાઇગર કન્ઝર્વેશન ઓથોરિટીની માર્ગદર્શિકા અનુસાર સ્થળાંતર કરનાર દરેક પાત્ર પરિવારને રૂ.15 લાખની સહાય એકસાથે ચૂકવવામાં આવશે. સાથે જ રાજ્ય સરકારની યોજના મુજબ રહેઠાણ માટે નિયમોનુસાર 100 ચોરસ વારનો પ્લોટ વિનામૂલ્યે ફાળવવાની જોગવાઈ કરવામાં આવી છે. બરડા અભયારણ્ય પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના કુલ 192.31 ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલું છે અને એશિયાઈ સિંહોના બીજા રહેઠાણ તરીકે વિકસિત થઈ રહ્યું છે. વન્યજીવ સંરક્ષણ, સિંહોની સુરક્ષા અને માનવ-વન્યજીવ ઘર્ષણ ઘટાડવાની સાથે અભયારણ્યમાં વસતા માલધારી પરિવારોને શિક્ષણ, આરોગ્ય અને રોજગારી સહિતની સુવિધાઓ સાથે મુખ્યધારામાં જોડવાના હેતુથી સરકારે આ નિર્ણય કર્યો છે. આ યોજના મુજબ માલધારી પરિવાર સ્વૈચ્છિક રીતે સ્થળાંતર કર્યા બાદ બરડા વિસ્તારમાં તેમના અન્ય હક્કહિત માન્ય રહેશે નહીં અને રૂ.15 લાખ ઉપરાંત કોઈ વધારાની રકમ ચૂકવવાપાત્ર રહેશે નહીં. પરિવારની વ્યાખ્યા પણ નેશનલ ટાઇગર કન્ઝર્વેશન ઓથોરિટીની માર્ગદર્શિકા મુજબ નક્કી કરવામાં આવશે.

## અભયારણ્યની બહાર 100 ચોરસ વારનો પ્લોટ

સ્થળાંતર કરનારા પરિવારને રહેઠાણ માટે 100 ચોરસ વારનો પ્લોટ અભયારણ્ય અને ઈકો સેન્સિટિવ ઝોનની હદ બહાર ફાળવવામાં આવશે. આ માટે મહાનગરપાલિકાની હદથી 10 કિલોમીટર અને નગરપાલિકાની હદથી પાંચ કિલોમીટર બહાર, કોઈ ગામની બાજુમાં જમીન ફાળવવાની જોગવાઈ છે. સંબંધિત કલેક્ટર અથવા જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા નિયમોનુસાર પ્લોટની ફાળવણી કરવામાં આવશે. જે માલધારી પરિવાર પાસે માલઢોર હોય તેમના માટે પણ માંગણી મુજબ 100 ચોરસ વાર સુધીનો પ્લોટ આપવાની જોગવાઈ છે. જોકે આવા પ્લોટની બજાર કિંમત રૂ.15 લાખની સહાયમાંથી બાદ કરીને બાકીની રકમ પરિવારને ચૂકવવામાં આવશે.

## રાજ્ય અને જિલ્લા કક્ષાએ સમિતિની રચના

યોજનાના અમલીકરણની સમીક્ષા અને માર્ગદર્શન માટે વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાની સમિતિ રચવામાં આવી છે. તેમાં અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ, ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડન અને સમાજ કલ્યાણ વિભાગના નિયામક સભ્ય તરીકે તથા વન સંરક્ષક, વન્યજીવ વર્તુળ, જુનાગઢને સભ્ય સચિવ તરીકે સામેલ કરવામાં આવ્યા છે. જિલ્લા કક્ષાએ પણ સંબંધિત કલેક્ટરના અધ્યક્ષસ્થાને સમિતિ રચાશે. આ સમિતિ પરિવારની સંખ્યા, આધાર પુરાવાની ચકાસણી અને સ્થળાંતર કરનારા પરિવારોની વિગતો નક્કી કરવા સહિત યોજનાના અમલીકરણની કામગીરી કરશે. સમિતિમાં જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલના પ્રતિનિધિ અને નાયબ વન સંરક્ષકનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# જમીનની શરત બદલવા 15 હજાર માંગનાર નિવૃત્ત નાયબ મામલતદાર સામે ગુનો નોંધાયો

**મહેસાણા** મામલતદાર કચેરીના તત્કાલીન નાયબ મામલતદાર અંબાલાલ પટેલ સામે એસીબીની કાર્યવાહી

**અરજદારે** લાંચ માંગ્યાનું રેકોર્ડિંગ કરી પુરાવા સાથે ફરિયાદ કરી

ગાંધીનગરઃ મહેસાણા મામલતદાર કચેરીમાં ફરજ બજાવી ચૂકેલા અને હાલ નિવૃત્ત થયેલા તત્કાલીન નાયબ મામલતદાર અંબાલાલ નારણદાસ પટેલ સામે રૂ.15 હજારની લાંચ માગ્યાના આક્ષેપમાં એસીબીએ ગુનો નોંધ્યો છે. ખેતીની જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટે અરજદાર દ્વારા મહેસાણા મામલતદાર કચેરીમાં અરજી કરવામાં આવી હતી. આ અરજીના કામે અંબાલાલ પટેલે સાક્ષી પાસેથી રૂ.15 હજારની લાંચ માગી હોવાનો આક્ષેપ છે.

એસીબીના સૂત્રોના જણાવ્યા મુજબ , લાંચની માગણી થયા બાદ અરજદારે તેનું રેકોર્ડિંગ કરી પુરાવા સાથે અમદાવાદ સ્થિત લાંચ રુશ્વત વિરોધી બ્યુરોની કચેરીમાં અરજી કરી હતી. ફરિયાદની તપાસ દરમિયાન સાક્ષીઓના નિવેદનો તથા વૈજ્ઞાનિક પુરાવાઓના આધારે લાંચની માગણીનો ગુનો બનતો હોવાનું બહાર આવ્યું હતું. આ આધારે મહેસાણા એસીબી પોલીસ સ્ટેશનમાં અંબાલાલ નારણદાસ પટેલ વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-1988ની કલમ 7(a), 13(1)(a) અને 13(2) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ અંગે મહેસાણા એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ડી. ચાવડાએ સરકાર તરફથી ફરિયાદ નોંધાવી છે. આ કેસની પ્રાથમિક તપાસ મહેસાણા એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ડી. ચાવડા દ્વારા કરવામાં આવી હતી, જ્યારે તપાસનું સુપરવિઝન એસીબી ગાંધીનગર એકમના મદદનીશ નિયામક એ.કે. પરમાર દ્વારા કરવામાં આવ્યું છે.

# સપ્ટેમ્બરમાં રાજ્યની GSTની આવક ૩૫%ના વધારા સાથે 8167 કરોડ પર પહોંચી

ગાંધીનગરઃ રાજ્યને સપ્ટેમ્બર-૨૦૨૬માં જીએસટી હેઠળ ૮,૧૬૭ કરોડની આવક થયેલી છે જે ગત વર્ષના સમાન સમયગાળામાં થયેલ આવક ૬,૦૫૦ કરોડ કરતા ૩૫% વધુ છે. સપ્ટેમ્બર-૨૦૨૬માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ ૧૪.૭% રહેલો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ છ માસમાં સપ્ટેમ્બર-૨૦૨૬ અંતીત જીએસટી હેઠળ રાજ્યને ૪૯,૮૫૮ કરોડની આવક થયેલી છે, જે ગત વર્ષના સમાન સમયગાળામાં થયેલી આવક ૩૮,૫૪૦ કરોડ કરતાં ૨૯% વધુ છે.

## આજનું પંચાંગ

**તા. 02/10/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિઃ** તિથિ વદઃ છઠઃ 10:16- સાતમનું શ્રાદ્ધ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-10
**યોગ :** વ્યતિપાત **કરણઃ** વિષ્ટિ
**નક્ષત્ર :** મૃગશીર્ષઃ 26:56
**રાશિઃ** વૃષભ (બ.વ.ઉ.) 15.42 પછી/મિથુન (ક.છ.ઘ.)
**દિવસ :** સપ્તમી શ્રાદ્ધ - ગાંધી જયંતી
**સુરતમાં સૂર્યોદય :** 06:31 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:25
**નવકારસી :** 07:19
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 19મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 રબિઉલ આખર માસનો 20મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારેઃ 10:30થી 12:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ઘરમાં કોઇ માંગલિક કાર્યની ચર્ચા કે તૈયારી થાય વાણીનો પ્રભાવ નોકરી-ધંધામાં જોવા મળે. આવક વધે.

**વૃષભ (બ,વ,ઉ,):** તમારા ક્રિએટીવ વિચારો બીજાને યોગ્ય અને સાચુ માર્ગદર્શન આપે. વિવાદથી બચવું ખર્ચા પર કાબૂ.

**મિથુન (ક,છ,ઘ,):** બીજાને યોગ્ય સલાહ આપશો. વિદેશ અને પરિવારને લગતો કામ જીવનસાથીનો સાથ મળે. ખર્ચા વધશે.

**કર્ક (ડ,હ,):** આવક વધારવા માટે નવા રસ્તા મળે. નવા પ્રોજેક્ટમાં રોકાણથી લાભ થાય. મિત્રોને મદદરૂપ બનશો.

**સિંહ (મ,ટ,):** બૌદ્ધિક કાર્યમાં સફળતા મળે. વેપાર-ધંધામાં નવી યોજનાથી લાભ થાય. જાહેર જીવનમાં સાવધાન રહેવું.

**કન્યા (પ,ઠ,ણ,):** મશીનરી બાંધકામ વગેરેના લગતો કામનો લાભ થાય. આર્થિક વ્યવહારમાં ધીરજ રાખવી. પ્રવાસ થાય.

**તુલા (ર,ત,):** પોતાના કામની માહિતી ગુપ્ત રાખવી. ઓનલાઇન અને ડિઝીટલ માધ્યમોથી સાવધાન. પ્રેમકમાં ધીરજ રાખવી.

**વૃશ્ચિક (ન,ય,):** ભાગીદારીમાં નવા સોદા થાય. તેમજ નવા ઓડર મળે. જીવનસાથીથી બચયતની યોજના બને.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** કોર્ટ-કચેરી-વિવાદના કામમાં અનુકૂળતા વધશે. શત્રુઓ પર હાવી રહેશો. વિવાદથી દૂર રહેવું.

**મકર (ખ,જ,):** તમારા નવા સંપર્કોથી સાવધાન રહેવું. સામાજિક બાબતે વિવાદથી બચવું. સંતાનોના કામમા મદદ મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** કામનો બોજ વધશે. કોઇ ઉતાવળથી નિર્ણય લેવો નહી. જૂની વાતોથી પરિવારમા વિવાદ થઇ શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ,):** રોયલ એસ્ટેટ અને પ્રોપર્ટીમાં માંગ થાય. આવક વધશે. જીવનસાથીનો સાથ મળે. પ્રેમમાં સહકાર મળે.

## કોઈ પણ સાલમાં 2 ઓક્ટોબર જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સંપર્કો વધારવનાર ટેકનોલોજીથી લાભ અને નોકરીમાં અનુકૂળતા તથા ધંધામાં આર્થક પ્રગતિજનક રહેશે. સમાજમાં યશ મળે. પરિવારની મદદ નવા વેપાર વ્યવસાય અને આવક વધારવાની યોજનામાં મળે. આર્થિક પ્રગતિ થાય. ઉઘરાણી આવે. જમીન, કાયદા કાનૂન વગેરેમાં વડીલોની મદદ મળે. સંતાનોના અભ્યાસ કેરીયરમા પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ કચેરીમાં પ્રગતિ થાય. મિત્રોની મદદ નવા ઘર વાહન મકાનમાં મળવાથી શરૂઆતમાં યોજના પાર પડે. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં સાથ મળે. વિદેશના કામમા ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રેમ વિવાહમાં સાથ મળે. વિદેશના કામમા ગતિ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇ સોમ-ગુરુવાર 2,11,20,29 તારીખે નવા કામ કરવા. સફેદ, ક્રીમ રંગનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી-ફેબ્રુઆરી મગળ-બુધવાર 05,08 તારીખે નવા કામ ટાળવો. લીલો, કાળો, નીલો રંગ ટાળવો. ચંદ્રના ઉપાય કરતા રહેવું.